# Telephonic conversation between Prime Minister and President of the Russian Federation

September 18, 2020

## વડાપ્રધાન અને રશિયન ફેડરેશનનાં રાષ્ટ્રપતિ વચ્ચે ટેલીફોન પર વાતચીત

સપ્ટેમ્બર 18, 2020

આજે વડાપ્રધાને રશિયન ફેડરેશનનાં રાષ્ટ્રપતિ મહામહિમ વ્લાદિમિર પુતિન સાથે ટેલીફોન પર વાત કરી હતી.

રશિયન રાષ્ટ્રપતિએ વડાપ્રધાનનાં જન્મદિવસનાં અવસર પર શુભેચ્છાઓ પાઠવી હતી. વડાપ્રધાન મોદીએ આ ભાવના બદલ સસ્નેહ પ્રશંસા વ્યક્ત કરી હતી.

બન્ને નેતાઓએ ભારત અને રશિયા વચ્ચે 'વિશેષ અને વિશેષાધિકાર ધરાવતી વ્યૂહાત્મક ભાગીદારી' વધારે મજબૂત કરવાનાં તેઓની પ્રબળ પ્રતિબદ્ધતાઓનું પુનઃઉચ્ચારણ કર્યું હતું, અને કોવિડ-19 મહામારી હોવા છતાં પણ દ્વિપક્ષીય સંબંધોમાં સતત ગતિ જાળવી રાખવા બદલ પ્રશંસા વ્યક્ત કરી હતી. આ સંદર્ભમાં, તેઓએ રક્ષા મંત્રી અને વિદેશ મંત્રી દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી મોસ્કોની ઉત્પાદક મુલાકાતોનો સંદર્ભ લીધો હતો.

વડાપ્રધાન મોદીએ આ વર્ષની SCO અને BRICS ની સફળ રશિયન અધ્યક્ષતા બદલ રાષ્ટ્રપતિ પુતિનનો આભાર માન્યો હતો. તેણે આ વર્ષનાં અંતમાં આવનારા SCO અને BRICS શિખર સંમેલનો તથા ભારત દ્વારા યોજાનાર SCO સરકારોનાં વડાની પરિષદમાં ભાગ લેવાની પોતાની આતુરતા વ્યક્ત કરી હતી.

વડાપ્રધાન મોદીએ ભારત સાથે દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવાનાં તેઓની વ્યક્તિગત કટિબદ્ધતા બદલ રાષ્ટ્રપતિ પુતિનનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે પરસ્પર સાનુકૂળ તારીખ પર આગામી દ્વિપક્ષીય શિખર સંમેલન માટે ભારતમાં રાષ્ટ્રપતિ પુતિનને આવકારવાની અપેક્ષા રાખી રહ્યા છે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 17, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.